NAVSARI AGRICULTURAL UNIVERSITY

# આયોજન શાખા
# સંશોધન નિયામકશ્રીની કચેરી
# નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

વંચાણે લીધો :૧. હિસાબ નિયામકશ્રી કચેરી, નકૃયુ., નવસારીના કાર્યાલય આદેશ જા.નં.નકૃયુ/હિનિ/બજેટ-૩/ વિકાસ ખર્ચ/ ૨૦૧૭-૧૮/૨૭૭૨-૭૭/તા/ ૨૫-૦૪-૨૦૧૭

૨. અત્રેની કચેરીના પત્ર જા.નં.નકૃયુ/સંનિ/આયોજન/૪૧૪૩-૬૭/૨૦૧૭/તા.૨૪/૦૪/૨૦૧૭

:: <u>ખુબજ અગત્યનું</u> ::

વર્ષ ૨૦૧૭-૧૮માં પ્લાન યોજનામાં કરવામાં આવેલ જોગવાઇ મુજબ ત્રિમાસિક સરખાભાગે ખર્ચ કરવા બાબત..

## પરિપત્ર

નવસારી કૃષિ યુનિવર્સિટીની વિકાસ ખર્ચ (પ્લાન) યોજનાઓના વડાશ્રીઓને જણાવવાનું કે, વિકાસ ખર્ચ (પ્લાન) યોજના હેઠળ વર્ષ- ૨૦૧૭-૧૮ માં ચાલુ કાર્યક્રમો માટે વંચાણે લીધેલા કાર્યાલય આદેશથી પગાર ભથ્થા, રીકરીંગ તથા નોન રીકરીંગ સદરે મંજુર થયેલ જોગવાઇ મુજબ ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવેલ છે. વિકાસ ખર્ચ (પ્લાન) સદરે પગાર ભથ્થા, રીકરીંગ તથા નોન રીકરીંગ સદરે કરવામાં આવેલ જોગવાઇ પુરા વર્ષ માટેની હોઇ, યોજનાના હેતુઓ ધ્યાને લઇને વર્ષ દરમ્યાન ત્રિમાસિક સરખાભાગે ખર્ચ થાય તેવું આયોજન કરવું. જો વર્ષ <u>દરમ્યાન ત્રિમાસિક સરખા ભાગે જોગવાઇ મુજબ ખર્ચ નહિં થાય અને સરકારશ્રી તરફથી જોગવાઇમાં કાપ મુકવામાં આવશે અને તેના કારણે જે તે યોજનાની પ્રગતિમાં અસર પડશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે યોજનાના વડાશ્રીઓની રહેશે.</u>

વધુમાં વર્ષ-૨૦૧૭-૧૮ માં વિકાસ ખર્ચ (પ્લાન) સદરે મંજુર થયેલ નોન-રીકરીંગ સાધનોની ખરીદી નાણાંકીય વર્ષ દરમ્યાન પૂર્ણ કરવામાં નહિં આવે તો જે તે મંજુર થયેલ સાધનના નાણાં રાજય સરકારશ્રીમાં ફરજીયાત જમા કરાવવાના રહેશે. અને આગામી વર્ષના બજેટમાં પણ તે અંગેની જોગવાઇ થઇ શકશે નહિં.

વધુમાં બાંધકામ સદરે પણ નિયત થયેલ બાંધકામો નાણાંકીય વર્ષમાં થયેલ જોગવાઇ મુજબ ખર્ચ કરી કામો પુરા કરવાના થાય છે. જેની કાર્યપાલક ઇજનેરશ્રી ઉપરાંત જે તે યોજનાના વડાશ્રીઓએ પણ તકેદારી રાખવી અને તેનો નાણાંકીય ભૌતિક પ્રગતિ અહેવાલ (પ્રગતિ દર્શાવતા ફોટોગ્રાફસ સાથે) જે તે ત્રિમાસિક અહેવાલ સાથે અત્રે રજુ કરવા આથી સુચના આપવામાં આવે છે.

આમ ઉકત બાબતે તમામ નિયંત્રણ અધિકારીશ્રીઓને તકેદારી રાખવા જરણાવવામાં આવે છે.

જા.નં.નકૃયુ/સંનિ/વિકાસ ખર્ચ/સર,ખર્ચ/૮૧૫૦-૮૦/૨૦૧૭
તા.૧૬ /૦૯ /૨૦૧૭

I/c (sd/-) 16.9.17
સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

<u>નકલ સવિનય રવાના: પ્રતિ,</u>

૧. માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારું.
૨. નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના સર્વે નિયંત્રણ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા યોગ્ય કાર્યવાહી કરવા સારું.
૩. હિસાબ નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારું.
૪. હિસાબી અધિકારીશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારું.
૫. કાર્યપાલક ઇજનેરશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ તથા ઓગષ્ટ ૨૦૧૭ અંતિત બાંધકામ સદરે ખુબ જ ઓછો ખર્ચ થયેલ છે. જેથી બાંધકામ સદરે સત્વરે કામગીરી હાથ ધરીને પુરેપુરો ખર્ચ થાય તેવું આયોજન હાથ ધરવા જણાવવામાં આવે છે.